For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

### માણેજાના મહારાજાનું ઢોલ-નગારાના તાલે ભવ્ય આગમન, હજારો ભક્તો ઉમટ્યા

# સંસ્કારી નગરીમાં આજથી ગણેશ ઉત્સવનો ભવ્ય પ્રારંભ: ભક્તિ અને ઉત્સાહનો માહોલ

**શહેરની** ૩૮ જેટલી જગ્યાઓ પર ૪૭ કૃત્રિમ કુંડ અને વિવિધ વિસ્તારોમાં કૃત્રિમ તળાવો તૈયાર કરવામાં આવ્યા

(પ્રતિનિધ) વડોદરા તા.13

સંસ્કારી નગરી વડોદરામાં આજથી ગણેશ ઉત્સવનો પવિત્ર અને ઉત્સાહભેર પ્રારંભ થઈ ચૂક્યો છે. શહેરભરમાં 'ગણપતિ બાપ્પા મોરિયા'ના નાદ સાથે અબાલ-વૃદ્ધ સૌ કોઈ ગણેશ ભક્તિમાં લીન બન્યા છે. ઘર-ઘરમાં સ્થાપિત થતા શ્રીજી અને સાર્વજનિક મંડળોમાં વિઘ્નહર્તા દેવનું ભવ્ય સ્વાગત કરવામાં આવી રહ્યું છે. વડોદરાના માણેજા વિસ્તારમાં પણ ગણેશોત્સવની ભારે ધૂમ જોવા મળી રહી છે, જ્યાં 'માણેજાના મહારાજા'નું ઢોલ-નગારાના તાલે અને હજારો ભક્તોની વિશાળ જનમેદની વચ્ચે અત્યંત ધામધૂમથી આગમન કરાવવામાં આવ્યું હતું. આગમન યાત્રાઓ અને વિવિધ સાંસ્કૃતિક આયોજનોને પગલે સમગ્ર વડોદરા શહેરમાં ઉત્સવનો અનેરો માહોલ સર્જાયો છે.

આ ભવ્ય ઉત્સવને સફળ બનાવવા માટે વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન અને સ્થળ તંત્ર દ્વારા વ્યાપક તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવી છે. પર્યાવરણની જાળવણી અને વિસર્જનની પ્રક્રિયા સુગમ બનાવવા માટે કોર્પોરેશન દ્વારા શહેરની ૩૮ જેટલી જગ્યાઓ પર ૪૭ કૃત્રિમ કુંડ અને વિવિધ વિસ્તારોમાં કૃત્રિમ તળાવો તૈયાર કરવામાં આવ્યા છે. વિસર્જન સ્થળો તેમજ પંડાલ-મંડપોની આસપાસ આરોગ્યની જાળવણી માટે દિવસમાં બે વખત નિયમિત સફાઈ, ફૂલ-નાળિયેરનો યોગ્ય નિકાલ અને જંતુનાશક દવાઓનો છંટકાવ કરવામાં આવશે. આ ઉપરાંત, કોઈપણ અકસ્માત કે આકસ્મિક પરિસ્થિતિને ટાળવા માટે ફાયર બ્રિગેડની ટીમોને સતત તૈનાત રાખવામાં આવી છે.

ઉત્સવ દરમિયાન શહેરમાં કાયદો, વ્યવસ્થા અને વાહનવ્યવહારની સુવિધા જળવાઈ રહે તે માટે પોલીસ તંત્ર દ્વારા વિશેષ જાહેરનામું બહાર પાડીને ટ્રાફિક ડાયવર્ઝન અમલી બનાવાયું છે. ખાસ કરીને લાલબાગ બ્રિજ અને શ્રેયસ સ્કૂલ ત્રણ રસ્તા જેવા અત્યંત વ્યસ્ત માર્ગો પર ભારે વાહનો અને એસ.ટી. બસોના પ્રવેશ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે અને વાહનચાલકો માટે વૈકલ્પિક રસ્તાઓની વ્યવસ્થા કરવામાં આવી છે. ચાલુ વર્ષે વિસર્જન યાત્રામાં વિશેષ આકર્ષણ ઊભું કરવા માટે પુણેનું પ્રખ્યાત 'નાદબ્રહ્મ' અને મુંબઈનું 'સોનુ મોનુ બીટ્સ' ઢોલ ગ્રુપ ખાસ ઉપસ્થિત રહીને પોતાના તાલથી ભક્તોને મંત્રમુગ્ધ કરશે.



### ગણેશોત્સવમાં ૨,૫૦૦થી વધુ પોલીસ જવાનો તૈનાત

વડોદરા શહેરમાં ગણેશોત્સવ દરમિયાન કાયદો-વ્યવસ્થા જળવાઈ રહે અને કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે પોલીસ તંત્ર એક્શન મોડમાં આવ્યું છે. શહેરમાં 1,500થી વધુ લાયસન્સધારક ગણેશ મંડળો દ્વારા શ્રીજીની સ્થાપના કરવામાં આવશે. પોલીસ દ્વારા દોઢ મહિના અગાઉથી તૈયારીઓ શરૂ કરાઈ હતી. અત્યાર સુધીમાં 1,000થી વધુ ગણેશ આગમન યાત્રાઓ શાંતિપૂર્ણ રીતે પૂર્ણ થઈ ચૂકી છે.

### આગમન-વિસર્જન યાત્રાઓ પર પોલીસની બાજ નજર

ગણેશ સ્થાપના ઉપરાંત પ્રથમ, ત્રીજા, પાંચમા અને અગિયારમા દિવસે યોજાનારી વિસર્જન યાત્રાઓ દરમિયાન પણ ચુસ્ત બંદોબસ્ત રહેશે. મંડળોના આયોજકો અને ડીજે સંચાલકો સાથે સંકલન કરી ડીજેના નિયમો, ભીડ નિયંત્રણ, ટ્રાફિક અને સુરક્ષા અંગે માર્ગદર્શન અપાયું છે. ગણેશ પંડાલોમાં દર્શન માટે આવતા ભક્તોની સુરક્ષા માટે પણ જરૂરી વ્યવસ્થા કરાઈ છે.

## ગણેશોત્સવમાં વડોદરામાં મેગા ટ્રાફિક ડાયવર્ઝન, ભારે વાહનો-એસટી બસોને 'નો એન્ટ્રી'

**૨૬ સપ્ટેમ્બર સુધી સાંજે ૬થી રાત્રે ૨ વાગ્યા સુધી પ્રતિબંધ**

વડોદરા શહેરમાં ગણેશોત્સવ દરમિયાન શ્રેયસ સ્કૂલ ત્રણ રસ્તા અને લાલબાગ બ્રિજ તરફ ભક્તોની ભીડને પગલે ટ્રાફિક વ્યવસ્થામાં ફેરફાર કરાયો છે. પોલીસ કમિશનર નરસિમ્હા કોમારે જાહેરનામું બહાર પાડી 14થી 26 સપ્ટેમ્બર અથવા વિસર્જન પૂર્ણ થાય ત્યાં સુધી સાંજે 6થી રાત્રે 2 વાગ્યા સુધી શ્રેયસ સ્કૂલ ત્રણ રસ્તા તરફ ભારે વાહનો અને એસટી બસોના પ્રવેશ પર પ્રતિબંધ મૂક્યો છે.

### વૈકલ્પિક માર્ગો સૂચવાયા

સુશેન સર્કલ, મકરપુરા-ભવન્સ સર્કલ તથા જ્યુપિટર ચાર રસ્તા તરફથી શ્રેયસ સ્કૂલ થઈ લાલબાગ બ્રિજ તરફ જતા ભારે વાહનોને વૈકલ્પિક માર્ગ અપાયો છે. વાહનચાલકો સુશેન સર્કલથી જ્યુપિટર ચાર રસ્તા, વડસર બ્રિજ, ખીસકોલી સર્કલ, કલાલી બ્રિજ, અક્ષર ચોક, અટલબ્રિજ, પંડયા બ્રિજ અને ફતેગંજ સર્કલ થઈ આગળ જઈ શકશે. અન્ય વાહનો માટે ભવન્સ સર્કલથી બરોડા ડેરી, તરસાલી શાકમાર્કેટ, બંસલ મોલ અને સોમાતળાવ ચાર રસ્તાનો માર્ગ સૂચવાયો છે.

### ૪૮૦૦થી વધુ પોલીસ-હોમગાર્ડ-TRB જવાનો તૈનાત

પોલીસ કમિશનર નરસિમ્હા કોમારે જણાવ્યું કે ઉત્સવ દરમિયાન એક જોઈન્ટ પોલીસ કમિશનર, 8 DCP, 13 ACP, 200 PI-PSI, 2,500થી વધુ પોલીસ કર્મચારીઓ, 5 SRP કંપની, 1,500 હોમગાર્ડ અને 800થી વધુ TRB જવાનો ફરજ પર રહેશે. શહેરમાં કાયદો-વ્યવસ્થા જળવાઈ રહે તે માટે સતત પેટ્રોલિંગ અને દેખરેખ રાખવામાં આવશે.

### ગણેશજીનું પ્રથમ પૂજન એટલે વિઘ્નો દૂર કરી બુદ્ધિ અને શુભતાનો માર્ગ ખોલવો

"હિંદુ ધર્મમાં ભગવાન ગણેશને પ્રથમ પૂજનીય દેવનું સ્થાન મળ્યું છે. કોઈપણ શુભ કાર્યનો પ્રારંભ ગણેશજીના સ્મરણ અને પૂજનથી કરવાની પરંપરા પ્રાચીન સમયથી ચાલી આવે છે. તેઓ વિઘ્નહર્તા હોવાથી તેમની આરાધનાથી કાર્યમાં આવતા અવરોધો દૂર થાય અને કાર્ય નિર્વિઘ્ને પૂર્ણ થાય એવી શ્રદ્ધા છે. ગણેશજીનું ગજમુખ જ્ઞાન અને બુદ્ધિનું, મોટું પેટ સહનશીલતા અને દરેક પરિસ્થિતિને સ્વીકારવાની ભાવનાનું પ્રતીક માનવામાં આવે છે. એકદંત સ્વરૂપ પણ અનેક આધ્યાત્મિક સંદેશો આપે છે. તેથી ગણેશજી માત્ર વિઘ્નો દૂર કરનારા દેવ જ નહીં, પરંતુ બુદ્ધિ, જ્ઞાન, વિવેક, ધીરજ અને શુભતાના પ્રતીક પણ છે. લગ્ન, ગૃહપ્રવેશ, યજ્ઞ કે અન્ય કોઈ શુભ પ્રસંગ હોય, સૌપ્રથમ ગણેશજીની પૂજા કરવાની પરંપરા છે. ગણપતિનું પ્રથમ પૂજન આપણને જીવનમાં સદ્વિચાર, ધીરજ અને વિવેક સાથે આગળ વધવાનો સંદેશ આપે છે. – **ઘનશ્યામભાઈ ઠક્કર,** ગાયત્રી ઉપાસક

### આગામી બે દિવસ ભારે વરસાદની આગાહી

# આજે ભારે વરસાદની ચેતવણી કાલે કિ.મી.ની ઝડપે પવનની શક્યતા

**શહેરમાં** વાદળછાયું વાતાવરણ યથાવત, કેટલાક વિસ્તારોમાં ઝરમર વરસાદ



(પ્રતિનિધિ) વડોદરા તા.13

વડોદરા શહેરમાં સતત બીજા દિવસે વાદળછાયું વાતાવરણ યથાવત રહેતા કેટલાક વિસ્તારોમાં ઝરમર વરસાદ નોંધાયો હતો. વરસાદના કારણે વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી. રવિવારે શહેરનું મહત્તમ તાપમાન 31.0 ડિગ્રી નોંધાયું હતું, જે સામાન્ય કરતાં 2.1 ડિગ્રી ઓછું રહ્યું હતું. જ્યારે લઘુત્તમ તાપમાન 26.4 ડિગ્રી નોંધાયું હતું.

જિલ્લા કંટ્રોલ રૂમના જણાવ્યા મુજબ સાંજના 6 વાગ્યા સુધીમાં વડોદરા જિલ્લામાં સરેરાશ 4.13 મી.મી. વરસાદ નોંધાયો હતો. તાલુકાવાર જોતા શિનોરમાં સૌથી વધુ 14 મી.મી., ડેસરમાં 6 મી.મી., ડભોઈમાં 5 મી.મી. અને વડોદરા શહેરમાં 4 મી.મી. વરસાદ નોંધાયો હતો. વાઘોડિયા અને કરજણમાં 2-2 મી.મી. વરસાદ થયો હતો, જ્યારે સાવલી અને પાદરામાં વરસાદ નોંધાયો ન હતો. વરસાદની સિઝનનો કુલ સરેરાશ વરસાદ હવે 546.63 મી.મી. પર પહોંચ્યો છે.

હવામાન વિભાગે આગામી સાત દિવસ માટે આગાહી જાહેર કરી છે. તા.14 સપ્ટેમ્બરે વડોદરા સહિત વિસ્તારમાં ભારે વરસાદની ચેતવણી આપવામાં આવી છે. તા.15મીએ ગાજવીજ સાથે વરસાદ અને 30થી 40 કિ.મી. પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાવાની શક્યતા છે. ત્યારબાદ તા.16થી 19 સપ્ટેમ્બર દરમિયાન હળવો વરસાદ થવાની સાથે સામાન્ય રીતે વાદળછાયું વાતાવરણ રહેવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે.

# રાષ્ટ્રપતિના આગમનને લઈને MSUમાં તૈયારીઓનો ધમધમાટ : તંત્ર સજ્જ

**ફાયર** વિભાગ દ્વારા ફાયર સેફ્ટીના સાધનોની ચકાસણી અને સમારકામની કામગીરી પણ શરૂ



(પ્રતિનિધિ) વડોદરા, તા.13

એમ.એસ. યુનિવર્સિટીના ઐતિહાસિક 75મા પદવીદાન સમારોહની તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે. આગામી 23 સપ્ટેમ્બરે યોજાનારા ભવ્ય સમારોહમાં દેશના રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને સંબોધન કરશે, ત્યારે તંત્ર દ્વારા તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે.

રાષ્ટ્રપતિના આગમનને લઈને યુનિવર્સિટી પરિસરમાં યુદ્ધના ધોરણે કામગીરી ચાલી રહી છે. સમારોહ સ્થળે હજારો વિદ્યાર્થીઓ અને મહેમાનો બેસી શકે તે માટે વિશાળ વોટરપ્રૂફ ડોમ અને ટેન્ટ બાંધવાની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. સાથે જ સમગ્ર પરિસરમાં રંગરોગાન અને સફાઈ અભિયાન તેજ કરી દેવાયું છે. સુરક્ષા અને સલામતીને ધ્યાનમાં રાખીને ફાયર વિભાગ દ્વારા ફાયર સેફ્ટીના સાધનોની ચકાસણી અને સમારકામની કામગીરી પણ શરૂ કરવામાં આવી છે. જિલ્લા વહીવટી તંત્ર અને પોલીસ તંત્ર પણ સુરક્ષા વ્યવસ્થા માટે સતત બેઠકો યોજી રહ્યું છે. આ વર્ષે પદવીદાન સમારોહમાં કુલ 12,557 વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિઓને સન્માનિત કરવામાં આવશે, જેમાંથી તેજસ્વી 210 વિદ્યાર્થીઓને સુવર્ણચંદ્રક એનાયત કરવામાં આવશે.

### ગોવામાં પ્રોપર્ટી ઈન્વેસ્ટમેન્ટની લાલચ આપી હતી

# દુબઈમાં એકાઉન્ટન્ટ તરીકે નોકરી કરતા આધેડ પાસેથી ઠગોએ રૂ.૧૦.૭૫ લાખ ખંખેર્યા

**૩૨ND** એવેન્યુની સ્કીમના નામે Google Meet પર વિગત સમજાવી ઝાંસામા ફસાવ્યા

**ત્રણ** કરાર મોકલી વિશ્વાસ કેળવ્યો, રૂપિયા ટ્રાન્સફર થઇ ગયા બાદ મોબાઇલ બંધ કરી દીધો

(પ્રતિનિધિ) વડોદરા તા.13

વડોદરાના કારેલીબાગ વિસ્તારમાં રહેતા અને હાલ દુબઈમાં એકાઉન્ટન્ટ તરીકે નોકરી કરતા 57 વર્ષીય વ્યક્તિને ગોવામાં પ્રોપર્ટીમાં રોકાણ કરાવી સારો નફો અપાવવાની લાલચ આપીને રૂ.10.75 લાખ પડાવી લેવામાં આવ્યા હોવાની ફરિયાદ સાયબર ક્રાઈમ પોલીસમાં નોંધાઈ છે. મોબાઈલ પર સંપર્ક કરનાર શખ્સે Google Meet મારફતે અન્ય વ્યક્તિ સાથે વાત કરાવી તેમજ વિવિધ કરારો મોકલી વિશ્વાસ સંપાદન કર્યા બાદ રૂપિયા ટ્રાન્સફર કરાવ્યા હતા.

કારેલીબાગની સતકાર સોસાયટીમાં રહેતા સુનીલ ભગવાનદાસ બુલચંદાની હાલ દુબઈની એક કંપનીમાં એકાઉન્ટન્ટ તરીકે નોકરી કરે છે. તેમણે નોધાવેલી ફરિયાદ મુજબ, ઓગસ્ટ-2025માં તેમના મિત્ર હરગોવિંદ રોચવાની અને તેમનો પરિવાર ગોવા ફરવા ગયો હતો. ત્યાં બાગા બીચ પર 32ND એવેન્યુ કંપનીની પ્રોપર્ટી ઈન્વેસ્ટમેન્ટ સ્કીમનું હોલ્ડિંગ જોવા મળ્યું હતું.

ત્યારબાદ મિત્રની પત્ની પૂજા રોચવાનીએ સુનીલભાઈની વાત અનંત શુક્લા નામના શખ્સ સાથે કરાવી હતી. અનંતે રાહુલ મેહરા સાથે Google Meet પર વાત કરાવી ગોવામાં પ્રોપર્ટીમાં રોકાણની સ્કીમ સમજાવી હતી. આરોપીઓએ Letter of Intent, Operation and Maintenance Service તથા Service Provider Agreement એમ ત્રણ કરાર પણ મોકલ્યા હતા, જેના કારણે સુનીલભાઈને રોકાણની સ્કીમ સાચી હોવાનું જણાયું હતું.

આ વિશ્વાસના આધારે તેમણે પોતાના SBI ખાતામાંથી તા.30 સપ્ટેમ્બર 2025ના રોજ રૂ.10 લાખ અને તા.2 ઓક્ટોબર 2025ના રોજ રૂ.75 હજાર મળી રૂ.10.75 લાખ અનંત શુક્લાએ જણાવેલા HDFC બેંક ખાતામાં ટ્રાન્સફર કર્યા હતા. જોકે, રકમ ટ્રાન્સફર કર્યા બાદ આરોપીઓનો વારંવાર સંપર્ક કરવા છતાં કોઈ જવાબ મળ્યો નહોતો અને મોબાઈલ પણ બંધ કરી દીધો હતો.પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનું જણાતા સુનીલભાઈએ સાયબર ક્રાઈમ હેલ્પલાઈન 1930 પર જાણ કરતા પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

### SDPayમાં નફા-કેશબેકની લાલચે યુવક પાસેથી રૂ.૫.૦૨ લાખ પડાવ્યા

વડોદરાના વાડી રંગમહાલ વિસ્તારમાં રહેતા 22 વર્ષીય જશ પટેલને SDPayમાં રોકાણથી નફો અને દૈનિક કેશબેક મળવાની લાલચ આપી રૂ.5.02 લાખ ઓનલાઇન ટ્રાન્સફર કરાવી છેતરપિંડી કરવામાં આવી હતી. ઓસ્ટ્રેલિયામાં રહેતા ભાઇએ રોકાણની માહિતી આપ્યા બાદ SDPayની વેબસાઇટ પર રજિસ્ટ્રેશન કરાવ્યું હતું. રજિસ્ટ્રેશન દરમિયાન આધારકાર્ડ, પાનકાર્ડ અને પાસપોર્ટની વિગતો લેવામાં આવી હતી. બાદમાં અલગ-અલગ ટ્રાન્ઝેક્શન મારફતે રૂ.5 લાખ તથા એકાઉન્ટ ચાલુ રાખવા રૂ.2 હજાર ટ્રાન્સફર કરાવાયા હતા. વેબસાઇટ પર કેશબેક સહિત રૂ.7.43 લાખનું બેલેન્સ દેખાડાયું હતું. જોકે રકમ ઉપાડવા જતાં પરત મળી નહોતી. સાયબર ક્રાઇમ પોલીસે ફરિયાદ નોંધી તપાસ શરૂ કરી છે.

### જૂનો મોબાઇલ નંબર પોર્ટ કરાવી ફર્નિચર વેપારીના ખાતામાંથી રૂ.૧.૯૯ લાખ ઉપાડ્યા

વડોદરાના અકોટા વિસ્તારમાં રહેતા 47 વર્ષીય ફર્નિચર વેપારી બ્રીજેશ શાહના પરિવારના બેંક ખાતામાંથી સાયબર ઠગે રૂ.1.99 લાખ ટ્રાન્સફર કરી લીધા હોવાની ફરિયાદ નોંધાઇ છે. પરિવારના પિતાનો જૂનો મોબાઇલ નંબર અગાઉ બેંક ખાતાઓ સાથે લિંક હતો. ગત જુલાઇમાં અજાણ્યા શખ્સે આ નંબર જીઓમાંથી એરટેલમાં પોર્ટ કરાવી ઝારખંડમાં અન્ય વ્યક્તિના નામે ઇશ્યૂ કરાવ્યો હતો. બાદમાં નંબરનો ઉપયોગ કરી બેંક પાસેથી મોબાઇલ બેંકિંગની માહિતી મેળવી રૂ.99,500 સહિત કુલ રૂ.1.99 લાખ અલગ-અલગ ખાતામાં ટ્રાન્સફર કરાયા હતા. બ્રીજેશે 1930 પર ફરિયાદ કર્યા બાદ સાયબર ક્રાઇમ પોલીસે તપાસ હાથ ધરી છે.

### ઈ-ચલણની લિંક ખોલતા આર્મી સુબેદારના ક્રેડિટ કાર્ડમાંથી રૂ.૭૧ હજારની ખરીદી

વડોદરાના હરણી વિસ્તારમાં રહેતા અને EMI આર્મી કેમ્પમાં ફરજ બજાવતા 47 વર્ષીય સુબેદાર ભાસ્કરણ ઉદયારને સાયબર ઠગોએ ઈ-ચલણના નામે ફસાવ્યા હતા. 7 સપ્ટેમ્બરે તેમના મોબાઇલ પર મેસેજ આવ્યો હતો, જેમાં વાહન નંબર સામે રેડ લાઇટ જમ્પ બદલ રૂ.1 હજારનો દંડ થયાનું જણાવી પેમેન્ટ માટે લિંક મોકલાઇ હતી. પુત્રી ટુ-વ્હીલર ચલાવતી હોવાથી મેસેજ સાચો હોવાનું માની તેમણે લિંક ખોલી હતી. 8 સપ્ટેમ્બરે તેમના SBI ક્રેડિટ કાર્ડમાંથી રૂ.71 હજારનું ઓનલાઇન ટ્રાન્ઝેક્શન થયું હતું. Amazon હિસ્ટ્રી તપાસતાં BGMI UC Official Voucherની ખરીદી સામે આવી હતી. ફરિયાદ બાદ તપાસમાં મોબાઇલમાંથી Nextgen mParivahan.apk ફાઇલ મળી આવી હતી. હરણી પોલીસે ઓનલાઇન છેતરપિંડીનો ગુનો નોંધી APK બનાવનાર અને ઉપયોગ કરનાર ઠગોની શોધખોળ શરૂ કરી છે.

### ઓફિસમાં માત્ર એક એપ્રેન્ટીસ હાજર, અધિકારીઓ ગાયબ

# વીજળી ગૂલ થતા ખટંબા સબ ડિવિઝનમાં રોષે ભરાયેલા લોકોએ મોરચો માંડ્યો

**બિલ** વસૂલાત વખતે હિટલરશાહીનો આક્ષેપ ,કાયમી ઉકેલ નહીં આવે તો ઉગ્ર આંદોલનની ચીમકી



(પ્રતિનિધિ) વડોદરા,તા.13

વીજ કંપનીના ખટંબા સબ ડિવિઝન હેઠળ આવતા સમગ્ર વિસ્તારમાં સવારે 5 વાગ્યાથી વીજ પુરવઠો ખોરવાઈ જતા લોકોમાં ભારે રોષ ફેલાયો હતો. વીજળી ગુલ થયા બાદ સ્થાનિકોએ વીજ કચેરીનો વારંવાર ટેલિફોનિક સંપર્ક કરવાનો પ્રયત્ન કર્યો હતો, પરંતુ સતત ફોન એન્ગેજ આવતા હોવાથી કોઈ જવાબ મળ્યો ન હતો.

ફોનનો મારો ચલાવીને કંટાળેલા લોકોએ આખરે વીજ કચેરી ખાતે મોરચો માંડ્યો હતો. કચેરીએ પહોંચતા ચોંકાવનારું દ્રશ્ય સામે આવ્યું હતું. ઓફિસની અંદર માત્ર એક એપ્રેન્ટીસ કર્મચારી જ બેઠેલો નજરે પડ્યો હતો, જ્યારે જવાબદાર અધિકારીઓ સ્થળ પર હાજર ન હતા. કચેરીએથી અધિકારીઓને ફોન કરતા એક અધિકારીએ ફોન જ ન ઉપાડ્યો, જ્યારે બીજા અધિકારીએ ફોન ઉપાડીને ફીડર ખરાબ થઈ ગયું છે, નાનો ફોલ્ટ છે, માણસો કામ પર ગયા છે' તેવું રટણ કર્યું હતું. જોકે કર્મચારીઓ કઈ જગ્યાએ કામ કરવા ગયા છે તેનું કોઈ નામ-ઠેકાણું જણાવવામાં આવ્યું ન હતું. સ્થાનિક રહીશોએ આક્ષેપ કર્યો હતો કે, ખટંબા વિસ્તારમાં આ કાયમી સમસ્યા છે. નાનકડો પવન ફૂંકાય કે સામાન્ય વરસાદ પડે તો પણ આ વિસ્તારમાં વીજળી ગાયબ થઈ જાય છે.

ઘણી વખત લો-વોલ્ટેજની સમસ્યા પણ નડે છે. પરંતુ જ્યારે બિલ ભરવામાં એક દિવસ પણ મોડું થાય ત્યારે આ જ લોકો હિટલરની જેમ મીટર કાપીને લઈ જવા આવી જાય છે. જ્યારે વ્યવસ્થિત સુવિધા નથી આપી શકતા, ફોન નથી ઉપાડી શકતા, તો બિલ વસૂલવા કયા મોઢે આવો છો? તેવો સવાલ ગ્રામજનોએ ઉઠાવ્યો હતો. તેઓએ આક્ષેપ કર્યો કે અધિકારીઓ માત્ર મફતનો પગાર લે છે, કામ કરવા કોઈ આવતું નથી. આજે બાકરોલ ગામ, અક્ષર સિટી સહિત આસપાસના વિસ્તારના લોકો આખો દિવસ વીજળી વિના પસાર કરવા મજબૂર બન્યા હતા.

# રીટાયર્ડ PIના નામે વિશ્વાસ કેળવી ગેરેજ સંચાલક પાસેથી ઠગે રૂ.૧ લાખ પડાવ્યા

**10-12 દિવસ** બાદ રૂપિયા પરત આપવાનું કહી ગલ્લાંતલ્લા કરતા યાકુતપુરાના વેપારીએ પોલીસ સ્ટેશનના દ્વાર ખખડાવ્યા

(પ્રતિનિધિ) વડોદરા તા.13

વડોદરામાં રિટાયર્ડ પોલીસ અધિકારીના પરિચયનો લાભ લઈ ગેરેજ સંચાલક પાસેથી રૂ.1 લાખ ઉછીના લીધા બાદ પરત નહીં આપ્યાનો કિસ્સો સામે આવ્યો છે. યાકુતપુરાના ગેરેજ સંચાલકની ફરિયાદના આધારે પોલીસે દાનાભાઈ કાનાભાઈ રાઠોડ સામે વિશ્વાસઘાત અને છેતરપિંડી અંગે ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે.

યાકુતપુરા અજબડી મિલ પાસે કાદરી મોટર્સ નામે ગેરેજ ધરાવતા અલ્તાફહુસેન કાદરીએ પોલીસ ફરિયાદમાં જણાવ્યું છે કે તેમના મિત્ર અને અગાઉ સિટી પોલીસ સ્ટેશનમાં PI તરીકે ફરજ બજાવી ચૂકેલા નિવૃત્ત પોલીસ ઈન્સ્પેક્ટર સોસાએ 20 જાન્યુઆરી 2026ના રોજ ફોન કરી દાનાભાઈ કાનાભાઈ રાઠોડને રૂ.1 લાખની તાત્કાલિક જરૂર હોવાનું જણાવ્યું હતું. દાનાભાઈ વડોદરામાં હોવાથી અને પોતે બહારગામ હોવાનું કહી સોસાએ ગેરેજ સંચાલકને તેમની મદદ કરવા જણાવ્યું હતું. ત્યારબાદ દાનાભાઈએ વેપારીને ફોન કરતાં તેઓ કારીગરો ઝાકીર અને નિયાઝ સાથે તેમને મળવા ગયા હતા. વેપારી પાસે રૂ.65 હજાર રોકડા હોવાથી તે રકમ સાથે ગયા હતા. દિલ્હી ફૂડ પોઈન્ટ નજીક મળ્યા બાદ દાનાભાઈને રૂ.35 હજાર ઓનલાઈન મારફતે અને રૂ.65 હજાર રોકડા મળી રૂ.1 લાખ ચૂકવ્યા હતા. રકમ મળ્યા બાદ દાનાભાઈએ નિવૃત્ત PI સોસાને ફોન કરી પૈસા મળી ગયાની જાણ પણ કરી હતી અને 10થી 12 દિવસમાં રકમ પરત આપવાનું કહ્યું હતું. જોકે, સમય વીતી ગયા બાદ વેપારીએ રકમ પરત માગતાં દાનાભાઈએ ફોન ન ઉપાડ્યો અને બાદમાં વિવિધ બહાના કરી વાયદા કર્યા હતા પરંતુ રકમ પરત આપી ન હતી.

### દૂધ, ખાંડ અને ગેસના ભાવ વધતાં મીઠાઈની મીઠાશ મોંઘી થઈ

# વડોદરાના મીઠાઈ બજારમાં ૫ ટકાનો ભાવવધારો

**તહેવારોની** મોસમમાં વડોદરાવાસીઓ મોંઘવારીને ભૂલી બજારમાં ઉમટ્યા; વેપારીઓને સારા વ્યવસાયની આશા



(પ્રતિનિધિ) વડોદરા તા.13

સાંસ્કૃતિક નગરી વડોદરામાં ગણેશ મહોત્સવ અને આગામી તહેવારોની ઉજવણીને લઈને લોકોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. તહેવારોની મોસમ શરૂ થતાં જ શહેરમાં વિવિધ પ્રકારની મીઠાઈઓની માંગમાં મોટો ઉછાળો આવ્યો છે. પરંતુ આ વર્ષે તહેવારોની ઉજવણી વચ્ચે મીઠાઈની મીઠાશ પર મોંઘવારીની અસર સ્પષ્ટપણે વર્તાઈ રહી છે. ગત વર્ષની સરખામણીએ આ વર્ષે વડોદરાના મીઠાઈ બજારમાં ૫ ટકા જેટલો ભાવવધારો નોંધાયો છે.

મીઠાઈના વેપારીઓ અને ઉત્પાદકોના જણાવ્યા અનુસાર, કાચા માલના વધેલા ભાવ અને ઉત્પાદન ખર્ચમાં થયેલો વધારો આ ભાવવધારાનું મુખ્ય કારણ છે. ખાસ કરીને ગેસ સિલિન્ડરના ભાવ, ખાંડ અને દૂધ જેવી દૈનિક જરૂરિયાતની વસ્તુઓના ભાવ વધવાને કારણે સરવાળે મીઠાઈઓ તૈયાર કરવાનો ખર્ચ વધી ગયો છે. તદુપરાંત, અન્ય કચ્ચા માલ અને મસાલાના ભાવ પણ ઊંચા જતાં વેપારીઓને મીઠાઈના ભાવમાં ૫ થી ૧૦ ટકા સુધીનો વધારો કરવાની ફરજ પડી છે.

તહેવારો દરમિયાન વિઘ્નહર્તા શ્રીજીને અર્પણ કરવા માટે ખાસ કરીને વિવિધ પ્રકારના મોદકની ડિમાન્ડમાં મોટો વધારો જોવા મળી રહ્યો છે. ગણેશજીના પ્રિય એવા મોદક અને અન્ય પ્રસાદની ખરીદી માટે વડોદરાના મીઠાઈના શોરૂમ્સ અને દુકાનો પર ગ્રાહકોની ભારે ભીડ ઉમટી રહી છે.

ભાવમાં વધારો થયો હોવા છતાં, તહેવારની ઉજવણીનો આનંદ અને ગ્રાહકોનો ઉત્સાહ જરાય ઓછો થયો નથી. વેપારીઓના જણાવ્યા મુજબ, ભાવવધારા છતાં બજારમાં ગ્રાહકી ખૂબ જ સારી છે અને લોકો પરંપરાગત ઉત્સાહ સાથે પોતાના આરાધ્ય દેવ માટે મીઠાઈ અને મોદકની ખરીદી કરી રહ્યા છે.

### ભાવ વધારો છતા મોદકની ડિમાન્ડ વધુ

ગત વર્ષની સરખામણીએ આ વખતે દૂધ, ખાંડ, ઘી અને એલપીજી ગેસ સિલિન્ડરના ભાવમાં સીધો વધારો થયો છે. કાચો માલ અને પ્રોડક્શન કોસ્ટ વધવાના કારણે અમારે મીઠાઈના ભાવમાં ૫ થી ૧૦ ટકાનો મામુલી વધારો કરવો પડ્યો છે. જોકે, ગણેશોત્સવને લઈને ગ્રાહકોમાં ભારે ઉત્સાહ છે અને ખાસ કરીને મોદકની ડિમાન્ડ ખૂબ સારી નીકળી છે.
– **રાજેશ પટેલ** (મીઠાઈના વેપારી, વડોદરા)

### બજેટ સેટ કરીને પણ મીઠાઈની ખરીદી કરીશું

બજારમાં દૂધ અને ગેસના ભાવ વધતાં મીઠાઈ મોંઘી થઈ છે તે સ્વાભાવિક છે. જોકે, વર્ષમાં એકવાર આવતા ગણેશોત્સવમાં મોદક વિના પૂજા અધૂરી ગણાય. એટલે બજેટ થોડું સેટ કરીને પણ અમે બાપા માટે પ્રિય મોદકની ખરીદી કરવા આવ્યા છીએ.
– **વિજય ઠાકોર** (ગ્રાહક, વડોદરા)